# ભૂગોળ પ્રશ્નપત્ર-4

1. નીચેના પૈકી કયો સમુદ્ર હિન્દી મહાસાગર સાથે સંકળાયેલ છે ?

(A) ફ્લોરિડા પ્રવાહ (B) એગુલ્હાસ પ્રવાહ (C) કેનરી પ્રવાહ (D) કુરાઈલ પ્રવાહ

2. નીચેના પૈકી કયા નામથી ગંગા નદીને ઓળખવામાં આવતી નથી ?

(A) ગૌતમી (B)જહાનવી (C) ભાગીરથી (D) અલકનંદા

3. અગત્યની સીમા-દોરી અને તેને સંબંધિત દેશોના વિશે જોડકામાં ક્યુ જોડકું સાચું છે ?

(A) પાકિસ્તાન અને ભારત – ડ્રરાન્ડ લાઇન

(B) ફ્રાન્સ અને જર્મની – મેગીનોટ લાઇન

(C) ભારત અને ચીન – મેકમોહન લાઇન

(D) આપેલ તમામ

4. ભારતના જંગલો વિશે નીચે આપેલ વિધાનોમાં કયું વિધાન સાચું છે ?

1. ભેજવાળા ઉષ્ણકટિબંધીય જંગલો પશ્ચિમ તટે, અપાર આસામમાં અને પૂર્વીય હિમાલયના નીચા ઢાળો પર જોવા મળે છે.

2. સૂકાં ઉષ્ણકટિબંધીય જંગલો મુખ્યત્વે ભારતીય ઉત્તરીય પર્વતીય વિસ્તારો અને દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોમાં જોવા મળે છે.

3. આલ્પાઇન જંગલો 3000 મીટર કરતાં ઉપરની ઊંચાઈએ શરૂ થાય છે અને બરફરેખાથી બિલકુલ નીચેના વિસ્તાર સુધી ઊગે છે.

(A) ફક્ત 1 અને 2 (B)ફક્ત 2 અને 3 (C)ફક્ત 1 અને 3 (D) આપેલ તમામ

5. ગંગા નદી બ્રહ્મપુત્ર નદીના પ્રવાહની સાથે ભળી જાય છે ત્યારે આ બંનેનો સંયુક્ત પ્રવાહ કયા નામે ઓળખાય છે ?

(A) પદ્માના (B) મેઘના (C) ભાગીરથી (D) જમુના

6. કઈ નદીનો ‘ માઝૂલી’ નામનો નદીય ટાપુ જે વિશ્વમાં સૌથી મોટો છે ?

(A) નર્મદા (B) ગંગા (C) બ્રહ્મપુત્ર (D) કાવેરી

7. 1952ની રાષ્ટ્રીય નીતિ પ્રમાણે દેશમાં કેટલા ટકા ભૌગોલિક વિસ્તારમાં જંગલો હોવા જોઈએ ?

(A) 50% (B) 30% (C) 33% (D) 23%

8. ગેડપર્વતો વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. પૃથ્વીની સપાટી ઉપર ગેડ પર્વતો સૌથી યુવાન પર્વતો છે.

2. ગેડ પર્વતો સમુદ્રતટે આવેલા ખંડોની સીમાઓએ જોવા મળે છે.

3. ગેડ પર્વતો સામાન્ય રીતે ચાપ આકારે જોવા મળે છે. જેની એક બાજુએ અંતર્ગોળ ઢાળ અને બીજી બાજુએ બહિર્ગોળ ઢાળ જોવા મળે છે.

(A) ફક્ત 1 અને 2 (B)ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) આપેલ તમામ

9. વનસ્પતિની વિવિધતાની દ્રષ્ટિએ વિશ્વમાં ભારતનું સ્થાન કેટલામું છે ?

(A) પ્રથમ (B)પાંચમું (C)દસમું (D) ચોથું

ehanbhandar.com

10. મુસી, ભીમા અને ઘાટપ્રભા કઈ નદીની સહાયક નદીઓ છે ?

(A)કૃષ્ણા (B)કાવેરી (C) મહાનદી (D)ગોદાવરી

11. ભારત સરકારે કઈ સાલમાં રાષ્ટ્રીય વનનીતિ અમલમાં મૂકી હતી ?

(A) 1950 (B)1951 (C) 1952 (D) 1953

12. વનસ્પતિની વિવિધતાની દ્રષ્ટિએ એશિયામાં ભારતનું સ્થાન કેટલામું છે ?

(A) પ્રથમ (B)પાંચમું (C)દસમું (D) ચોથું

13. બ્રહ્મપુત્રા નદી અરૂણાચલપ્રદેશમાં કયા નામથી ઓળખાય છે ?

(A)ત્સાંગાપો (B)દિહાંગ (C) લોહિત (D) કેનુબા

14. નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) વિશ્વ વન દિવસ (a) 22 એપ્રિલ

(2) વિશ્વ પૃથ્વી દિવસ (b) 16 સપ્ટેમ્બર

(3) વિશ્વ પર્યાવરણ દિવસ (c) 21 માર્ચ

(4) વિશ્વ ઓઝોન દિવસ (d) 5 જૂન

(A) 1 – c, 2 – a, 3 – d, 4 – b (B) 1 – b, 2 – d, 3 – c, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

15. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. આ વૃક્ષો સામાન્ય રીતે 60 મીટર જેટલા ઊંચા હોય છે.

2. આ જંગલોમાં પાનખર જેવી કોઈ ઋતુ હોતી નથી.

3. આ જંગલો પશ્ચિમઘાટના વધુ વર્ષાવાળા વિસ્તારોમાં જોવા મળે છે.

4. આ જગલોમાં મેહોગની, અબનૂસ, રોઝવૂડ અને રબર વગેરે વૃક્ષોનો સમાવેશ થાય છે.

(A) ફકત 1 અને 2 (B)ફકત 2 અને 3 (C) ફકત 1 અને 4 (D) આપેલ તમામ

16. પૃથ્વીની આંતરિક રચના બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

1. પૃથ્વીનો આંતરિક ભાગ અત્યંત ગરમ હોવાથી તે પ્રવાહી સ્વરૂપે છે.

2. ભૂ સપાટીથી જેમ ઊંડે જઈએ તેમ તેમ દર 1 કિમીનિ ઊંડાઈએ સામાન્ય રીતે 300 સે, ઉષ્ણતામાનમાં વધારો થાય છે.

3. પૃથ્વીના પેટાળમાં ધરતીકંપના મોજાઓ એવી રીતે પસાર થાય છે કે જાણે કોઈ ઘન પદાર્થમાંથી પસાર થયા હોય.

(A) ફકત 1 અને 2 (B) ફકત 1 અને 3 (C) ફકત 2 અને 3 (D) આપેલ તમામ

17. મીઠાપાણીનું સૌથી મોટું સરોવર લોકટક જે ‘ તરતા ટાપુઓના સરોવર’ તરીકે ઓળખાય છે તે કયા રાજયમાં આવેલ છે ?

(A) રાજસ્થાન (B) મણિપુર (C) મેઘાલય (D) મધ્યપ્રદેશ

18.નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) સૌથી મોટું પક્ષી (a)સીરસ

(2) સૌથી નાનું પક્ષી (b)બર્ડવીંગ

(3) સૌથી મોટું પતંગિયુ (c)સારસ

(4) સૌથી નાનું પતંગિયુ (d)ફૂલસૂંઘણો

(A) 1 – c, 2 – a, 3 – d, 4 – b (B) 1 – b, 2 – d, 3 – c, 4 – a

(C) 1 – c, 2 – d, 3 – b, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**19.** ભૂકંપ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. ભૂકંપ તીવ્રતા મરકેલી સ્કેલ ઉપર માપવામાં આવે છે.
2. ભૂકંપની માત્રા એ મુક્ત થયેલી ઉર્જાનું માપ છે.
3. ભૂંકપની માત્રાનો આધાર ભૂકંપના મોંજાઓના સીધા કંપન વિસ્તારના માપ ઉપર હોય છે ?

(A) ફકત 1 અને 2 (B)ફકત 2 અને 3 (C) ફકત 1 અને 3 (D) આપેલ તમામ

**20.** નીચેના ગ્રહ સમૂહો પૈકી કયા એ સૌર મંડળના " Gas Giants" કહેવાય છે ?

(A) મંગળ, શનિ,યુરેનસ અને નેપ્ચુન (B) શનિ, યુરેનસ, નેપ્ચુન અને પ્લુટો

(C) ગુરૂ, શનિ, યુરેનસ અને નેપ્ચુન (D) આપેલ તમામ

**21.** ભારતના નીચેના પૈકી કયા પર્વત સ્તરભંગ ક્રિયાથી જ રચાયેલા છે ?

1. નીલગિરી 2. સાતપુડા 3. અરવલ્લી

(A) ફકત – 1 અને 2 (B) ફકત – 2 અને 3 (C) ફકત – 1 અને 3 (D) આપેલ તમામ

**22.** ભારતના રાષ્ટ્રીય ઉદ્યાન અને તેને સંબંધિત રાજ્યોનીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) રાહેલા નેશનલ પાર્ક (a) હિમાચલપ્રદેશ

(2) સુંદરવન રાષ્ટ્રીય પાર્ક (b) ઉત્તરાખંડ

(3) કાન્હા નેશનલ પાર્ક (c) પશ્ચિમ બંગાળ

(4) જિમ કારબેટ નેશનલ પાર્ક (d) મધ્યપ્રદેશ

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 –c , 3 – d, 4 – b

(C) 1 – d, 2 – a, 3 – b, 4 – c (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**23.** નીચેના પૈકી કયું આવરણને "ઓઝોન આવરણ" તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ક્ષોભ આવરણ (B) મધ્યાવરણ (C) સમતાપ આવરણ (D) ઉષ્માવરણ

**24.** ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. આ જંગલો મોસમ પ્રમાણે પાન ખેરવતા હોવાથી તેને મોસમી જંગલો પણ કહે છે.
2. આ જંગલો દેશમાં 70 થી 200 સેમી વરસાદ ધરાવતા પ્રદેશોમાં જોવા મળે છે.
3. હિમાલયની તળેટીના વિસ્તારોમાં, વિધ્ય અને સાતપુડાના પર્વતોમાં આ જંગલો જોવા મળે છે.
4. આ જંગલોમાં સાગ,સાલ,સીસમ, ચંદન, ખેર અને વાંસ વગેરે વૃક્ષોનો સમાવેશ થાય છે.

(A) ફકત 1 અને 2 (B)ફકત 2 અને 3 (C) ફકત 1 અને 4 (D) આપેલ તમામ

**25.** સ્ફોટક તારાનો સિદ્ધાંત (The Nova star theory) કોણે રજૂ કર્યો હતો ?

(A) પ્રો. કાન્ટ (B)પ્રો. હોયલે (C) પ્રો. રસેલ (D)પ્રો. લાપ્લાસ

**26.** ભારતનું સૌથી મોટું જળવિદ્યુત મથક કઈ નદી પર આવેલું છે ?

(A) બ્રહ્મપુત્રા (B) નર્મદા (C) કાવેરી (D) કૃષ્ણા

gyanbhandar.com

**27.** ચિલ્કા સરોવર ભારતના .......માં આવેલ છે ?

**(A)** પશ્ચિમ તટિય મેદાન **(B)** પૂર્વ તટવર્તી મેદાન

**(C)** છોટા નાગપૂરનો ઉચ્ચપ્રદેશ **(D)** ઉપરોકત પૈકી કોઈ નહીં

**28.** નીચેનામાંથી કયું વિધાન એ સુનામી આપત્તિનું કારણ નથી ?

**(A)** સંપાત વિનાશક પ્લેટો

**(B)** સૂર્ય અને ચંદ્ર ગુરૂત્વાકર્ષણ ઘર્ષણ

**(C)** સમુદ્રની સપાટી નીચેના શક્તિશાળી ધરતીકંપ અને જવાળામુખીની સક્રિયતા

**(D)** સમુદ્રની સપાટી નીચેના વ્યાપક ભૂસ્ખલન

**29.** સૂર્યાઘાત બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

1. આશરે 40% જેટલો સૂર્યાઘાત વાતાવરણ સીધો જ શોષી લે છે.
2. જયાં દિવસની લંબાઇ વધુ ત્યાં વધુ પ્રમાણમાં સૂર્યાઘાત મળે છે.
3. સવારે અને સાંજે બપોરની સરખામણીમાં ઓછો સૂર્યાઘાત મળે છે.

**(A)** ફકત 1 અને 2 **(B)** ફકત 2 અને 3 **(C)** ફકત 1 અને 3 **(D)** આપેલ તમામ

**30.** ભારતમાં ગિરિમથકો અને તેને સંબંધિત રાજ્યો વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) પહેલગામ (a) તામિલનાડુ

(2) મુન્નાર (b) જમ્મુ કાશ્મીર

(3) શિલોંગ (c) મેઘાલય

(4) કોડાઈકેનાલ (d) કેરલ

**(A)** **1 – b, 2 – a, 3 – d, 4 – c** **(B)** **1 – b, 2 – d, 3 – c, 4 – a**

**(C)** **1 – d, 2 – a, 3 – b, 4 – c** **(D)** **1 – d, 2 – c, 3 – b, 4 – a**

**31.** સૂર્યમંડળના ગ્રહો વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ (a) ગુરૂ

(2) સૌથી વધુ ચમકતો ગ્રહ (b) શુક્ર

(3) સૂર્યનો સૌથી મોટો ઉપગ્રહ (c) મંગળ

(4) લાલ ગ્રહ (d) ટાઈટન

**(A)** **1 – b, 2 – a, 3 – d, 4 – c** **(B)** **1 – a, 2 – c, 3 – d, 4 – b**

**(C)** **1 – a, 2 – b, 3 – d, 4 – c** **(D)** **1 – d, 2 – c, 3 – b, 4 – a**

**32.** જયારે જવાળામુખીમાંથી ગંધકના ધુમાડા વધુ પ્રમાણમાં નીકળ્યા કરતાં હોય તેવા ધુમસેનને શું કહે છે ?

**(A)** સલ્ફાટારા **(B)** સાફીઓની **(C)** કાહે સુલ્તાન **(D)** મોફટસ

**33.** જવાળામુખી દરમિયાન ખડકો ઉપરનો લાવાનો થર ઊંચા મેજ જેવો લાગે છે તેને શું કહે છે ?

**(A)** મેગ્મા **(B)** લાવા **(C)** મેસા **(D)** એકપણ નહીં

**34.** હિમનદીના ઘસારણ કાર્યથી રચાતી પહોળા તળિયા અને સીધા ઢોળાવવાળી ખીણને શું કહે છે ?

**(A)** **'U'**આકારની ખીણ **(B)** **'V'**આકારની ખીણ **(C)** **'W'**આકારની ખીણ **(D)** **'O'**આકારની ખીણ

**35.** ભારતના નીચેના પૈકી કયો વિસ્તાર મેન્ગૃવ જંગલ, નિત્યા લીલા જંગલ અને પાનખર જંગલનું મિશ્રણ ધરાવે છે ?

gnanbhandar.com

(A) ઉત્તર તટવર્તીય આંધ્રપ્રદેશ (B) દક્ષિણ-પશ્ચિમ બંગાળ

(C) આંદામાન –નિકોબાર ટાપુઓ (D) દક્ષિણ સૌરાષ્ટ્ર

36.પર્વતીય હિમનદી પોતાના માર્ગમાં ઘસારણકાર્યથી ઊંડો આરામ ખુરશી જેવો ગર્ત બનાવે છે તેને શું કહેવામાં આવે છે ?

(A) હિમગર્ત અથવા સર્ક (B) ગિરિશૃંગ અથવા હોર્ન

(C) એરેટ અથવા ગ્રાન્ટ (D) એક પણ નહીં

37. હિમાલય અને તેનો પર્વતીય વિસ્તાર વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) પંજાબ હિમાલય (a) સિંધુ નદી અને સતલૂજ નદી વચ્ચેનોવિસ્તાર

(2) કુમાઉં હિમાલય (b) સતલુજ નદી અને કાલી નદી વચ્ચેનો વિસ્તાર

(3) નેપાળ હિમાલય (c) કાલી નદી અને તિસ્તા નદી વચ્ચેનો વિસ્તાર

(4) આસામ હિમાલય ` (d) તિસ્તા નદી અને બ્રહ્મપુત્ર નદી વચ્ચેનો વિસ્તાર

(A) 1 – c, 2 – a, 3 – d, 4 – b (B) 1 – b, 2 – d, 3 – c, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – a, 2 – b, 3 – c, 4 – d

38. નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) પહાડોની નગરી (a) દહેરાદૂન

(2) સૂરમાનગરી (b) મદુરાઇ

(3) લીચીનગર (c) બરેલી

(4) તહેવારોનું નાગર (d) ડુંગરપુર

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – b, 2 – d, 3 – c, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

39. બોરિક એસિડના ધુમાડા અને અંગારવાયુ બધુ પ્રમાણમાં નિકલીતો હોય તેવા ધુમસેનને શું કહે છે ?

(A) સલ્ફાટારા (B) સાફીઓની (C) કાહે સુલ્તાન (D) મોફ્ટસ

40. ઉષ્ણ કટિબંધીય કાંટાળા જંગલો બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. સામાન્ય રીતે આ જંગલો 70 સેમી કરતાં ઓછા વરસાદવાળા વિસ્તારમાં જોવા મળે છે.

2. ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં આ જંગલો આવેલા છે.

3. આ જંગલોમાં બોરડી, બાવળ, થોર અને ખીજડો વગેરે વૃક્ષો જોવા મળે છે.

4. આ વૃક્ષો અને છોડના મૂળ લાંબા, ઊંડા અને ચારે તરફ ફેલાયેલા હોય છે.

(A) ફકત 1 અને 2 (B) ફકત 2 અને 3 (C) ફકત 1 અને 4 (D) આપેલ તમામ

41. આંતરિક ખડકસ્તારોમાં ઊભી કે ત્રાંસી ફાટમાં લાવા સ્તંભરૂપે જામી જવાથી બનતા ખડકસ્વરૂપને શું કહે છે ?

(A) સિલ (B) લાવાશીટ (C) ડાઈક (D) એકપણ નહીં

42. ભારતના રાષ્ટ્રીય ઉદ્યાન અને તે શા માટે વિખ્યાત વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) નામફાડા રાષ્ટ્રીય ઉદ્યાન (a) કસ્તુરી મૃગ

(2) જલદાપરા રાષ્ટ્રીય ઉદ્યાન (b) વાઘ

(3) દચિગ્રામ રાષ્ટ્રીય ઉદ્યાન (c) ગેંડા

(4) રણથંભોરરાષ્ટ્રીય ઉદ્યાન (d) ઊડતી ખિસકોલી

gyanbhandar.com

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – c, 3 – d, 4 – b

(C) 1 – d, 2 – c 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**43.** પ્રસ્તર ખડકોમાં પ્રવેશેલા મેગ્માના દબાણથી તે ખડક પ્રસ્તારો ગુંબજાકારે ઊંચા ઉપસી આવે છે અને મેગમાં તેમાં જ ઠરવાથી રચાતા ભૂમિ આકારને શું કહે છે ?

(A) લેગોરિથ (B) ફેકોલીથ (C) લોપોલિથ (D) લેકોરિથ

**44.** પ્રસ્તર ખડકોમાં રકાબી આકારની છીછરી બેઝીન જેવા અંતર્ગોળ ખડકસ્તારોની વચ્ચે મેગમાં ઠરી જવાથી રચાયેલા આંતરિક જવાળામુખી ખડકસ્વરૂપને શું કહે છે >

(A) લેગોરિથ (B) ફેકોલીથ (C) લોપોલિથ (D)લેકોરિથ

**45.** જવાળામુખી પ્રક્રિયા દરમિયાન લાંબા, આસમાન અને ગુંબજાકારે ઊંચા ઊપસેલા અગ્નિકૃત ખડકાળ ભાગને શું કહે છે ?

(A) બેથોલિથ (B)ફેકોલીથ (C) લોપોલિથ (D)લેકોરિથ

**46.** નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) ભારતનું પિટ્સબર્ગ (a) જયપુર

(2) ભારતનું ડેટ્રાઇટ (b) મુંબઇ

(3) ભારતનું હોલીવુડ (c) જમશેદપુર

(4) ભારતનું પેરિસ (d) પીથમપુર

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – c, 2 – d, 3 – b, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**47.** વિશ્વનો સૌથી ઊંચો જવાળામુખી પર્વત કયો છે ?

(A) ફયુજીયામાં (B) કોટોપાક્ષી (C) એટના (D) સ્ટ્રોમ્બલી

**48.** ભારતના રાજ્યો અને તેને સ્પર્શતા અન્ય રાજ્યની સરહદો વિશેનીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) રાજસ્થાન (a) ઉત્તરપ્રદેશ,મધ્યપ્રદેશ, તેલંગણા,ઓડીશા,બિહાર અને મહારાષ્ટ્ર

(2) ઝારખંડ (b) પશ્ચિમ બંગાળ, ઝારખંડ,છતીસગઢ, તેલંગણા અને આંધ્રપ્રદેશ

(3) ઓડીશા (c) ઉત્તરપ્રદેશ, બિહાર,પશ્ચિમ બંગાળ,ઓડીશા અને છતીસગઢ

(4) છતીસગઢ (d) પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ,મધ્યપ્રદેશ અને ગુજરાત

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – d, 3 – b, 4 – c

(C) 1 – c, 2 – b 3 – d, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**49.** નીચે આપેલ જમીન વિશે આપેલા વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

1.કાંપની જમીન આ જમીનમાં પોટાશ -, ફોસ્ફરિક એસિડ,ચૂનાનું પ્રમાણ વધારે જોવા મળે છે અને નાઇટ્રોજનનું . પ્રમાણ ઓછું હોય છે.

2. રાતી અથવા લાલ જમીન - આ જમીનમાં મેગ્નેશિયમ,ફોસ્ફેટ,નાઇટ્રોજન અને પોટાશની ઉણપ જોવા મળે છે.

3. કાળી અથવા રેગુર જમીન – આ જમીનમાં લોહ,ચૂનો,કેલ્શિયમ,પોટાશ એલ્યુમિનયમ અને મેગ્નેશિયમ કાર્બોનેટનું પ્રમાણ વધુ હોય છે .

gnanbhandar.com

4. લેટેરાઇટ કે પડખાઉ જમીન - આ પ્રકારની જમીનમાં મુખ્યત્વે લોહતત્વ,પોટાશ અને એલ્યુમિનિયમનું પ્રમાણ વધુ જોવા મળે છે .અને ફળદ્રુપતા ઓછી હોય છે .

**(A)** ફક્ત -1 અને 2 **(B)** ફક્ત -2 અને 4 **(C)** 1, 2,અને 3 **(D)** <u>આપેલ તમામ</u>

**50.** ભારતના પ્રસિદ્ધ ઘાટ અને વિસ્તાર વિશે જોડકા જોડો.

(1) ભોર ઘાટ (મહારાષ્ટ્ર) (a) કોઇમ્બતૂર- બેંગલોરને જોડે છે.

(2) પાલઘાટ (કેરલ) (b) મુંબઇ- પુનાને જોડે છે.

(3) જોજીલા ઘાટ(જમ્મુ કાશ્મીર) (c) ભારતને માન સરોવર સાથે જોડતો ઘાટ

(4) નીતિ ઘાટ (ઉત્તરાખંડ) (d) લેહ અને શ્રીનગરને જોડે છે.

**(A)** **<u>1 – b, 2 – a, 3 – d, 4 – c</u>** **(B)** **1 – a, 2 – d, 3 – b, 4 – c**

**(C)** **1 – c, 2 – b 3 – d, 4 – a** **(D)** **1 – d, 2 – c, 3 – b, 4 – a**

51. સૌથી ઊંચું શિખર વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) બાબાબુદાન ટેકરીઓનું ઊંચું શિખર (a) મુલ્લયનગિરિ

(2) પશ્ચિમઘાટનું ઊંચું શિખર (b) ગુરૂશિખર

(3) આબુનું ઊંચું શિખર (c) દોદાબેટા

(4) નિલગિરીનું ઊંચું શિખર (d) કળસૂબાઈ

**(A)** **1 – b, 2 – a, 3 – d, 4 – c** **(B)** **<u>1 – a, 2 – d, 3 – b, 4 – c</u>**

**(C)** **1 – d, 2 – c, 3 – a, 4 – b** **(D)** **1 – d, 2 – c, 3 – b, 4 – a**

**52. 19**માં સૈકાના અંતભાગમાં ઘસારણ – આવર્તની વિભાવના કોને જાહેર કરી ?

**(A)** <u>ડબલ્યુ એમ.ડેવિસ</u> **(B)** વોલ્થર પેંક **(C)** ઈવાન્સને **(D)** રામસે

**53.** ભારતના સુપ્રસિદ્ધ સરોવર અને તેની વિશેષતા વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) ભારતનું સૌથી ઊંચાઈ પર આવેલું સરોવર (a) કોલેરૂ( આંધ્રપ્રદેશ)

(2) ભારતનું સૌથી મોટું તટિય સરોવર (b) લોકટક (મણિપુર)

(3) મીઠા પાણીનું સૌથી મોટું સરોવર (c) ચિલ્કા (ઓડિશા)

(4) ભારતનું એકમાત્ર તરતુ સરોવર (d) ચોલામુ (સિક્કિમ)

**(A)** **1 – b, 2 – a, 3 – d, 4 – c** **(B)** **1 – c, 2 – d, 3 – b, 4 – a**

**(C)** **<u>1 – d, 2 – c, 3 – a, 4 – b</u>** **(D)** **1 – d, 2 – c, 3 – b, 4 – a**

**54.** ભૂમિ આવરણમાં વિવિધ કદ આકારના ખડક ટૂકડા, રેતી, માટી અને રાજ હોય છે તેને શું કહે છે ?

**(A)** લેગોરિથ **(B)**<u>રેગોલિથ</u> **(C)** લોપોલિથ **(D)** લેકોરિથ

**55.** નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) હિમ દીપડો (a) ગુજરાત

(2) લાલપાંડા (b) શીતવનો

(3) કેવલાદેવ (c) હિમાલયની 3000 મીટરની ઊંચાઈએ

(4) નળ સરોવર (d) રાજસ્થાન



gnanbhandar.com

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – c, 2 – b, 3 – d, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**56.** વાતાવરણના બંધારણ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. પૃથ્વીની સપાટીથી આશરે 32 કિમીનિ ઊંચાઈ સુધીના પડમાં 99% જેટલી હવા સમાયેલી છે.

2. કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણનો સૌથી ભારે વાયુ છે.

3. હવાના તાપમાનનો તફાવતને લીધે વિષુવવૃત ઉપરના વાતાવરણમાં ભારે વાયુઓ સૌથી ઓછા હોય છે.

(A) ફકત 1 અને 2 (B) ફકત 2 અને 3 (C) ફકત 1 અને 3 (D) આપેલ તમામ

**57.** જમીન એ શાના દ્વારા થતી વિઘટનની જ નીપજ છે ?

(A) દ્રાવણ (B) વિદારણ (C) ઘસારણ (D) નિક્ષેપણ

**58.** ક્યાં વિદ્વાને આલ્પસપર્વતમાળાની હિમનદીઓનો પ્રત્યક્ષ અભ્યાસ કરીને હિમનદીમાં ગતિ છે એમ જાહેર કર્યું ?

(A) પ્રો. હ્યુજી(Hug) (B) પ્રો. હોયલે (C) પ્રો. રસેલ (D) પ્રો. લાપ્લાસ

**59.** નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) માચીસ (a) જમ્મુ કાશ્મીર

(2) અફીણ (b) ઉત્તરપ્રદેશ

(3) દ્રાક્ષ (c) માયસોર

(4) કેસર (d) મહારાષ્ટ્ર

(A) 1 – c, 2 – a, 3 – d, 4 – b (B) 1 – c, 2 – d, 3 – b, 4 – a

(C) 1 – c, 2 – b 3 – d, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**60.** કોઈ પર્વતની બંને બાજુઓ પર સર્ક રચાતા વચ્ચેનો ભાગ સાંકડો અને તીક્ષ્ણ દાંતા જેવી રચના થાય તેને શું કહે છે ?

(A) હિમગર્ત અથવા સર્ક (B) ગિરિશૃંગ અથવા હોર્ન

(C) એરેટ અથવા ગ્રાન્ટ (D) એક પણ નહીં

**61.** ભારતના સુપ્રસિદ્ધ વિજ્ઞાનીઓ અને તેને સંબંધિત માહિતી નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) રોકેટ મેન ઓફ ધ ઈન્ડિયા (a) એ.પી.જે.અબ્દુલ કલામ

(2) મિસાઇલ મેન ઓફ ઈન્ડિયા (b) કે. સિવાન

(3) મિસાઇલ વૂમેન ઓફ ઈન્ડિયા (c) હોમી જહાંગીર ભાભા

(4) ન્યૂકિલયર પ્રોગ્રામના જનક (d) ટેરી થોમસ

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – c, 2 – b, 3 – d, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**62.** નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) પશ્ચિમ તટવર્તી મેદાનો (a) કચ્છના રણથી કન્યાકુમારી સુધીનો વિસ્તાર

(2) પૂર્વ તટવર્તી મેદાનો (b) ઉત્તરના ગંગા મુખત્રિકોણથી અને દક્ષિણમાં કન્યાકુમારી સુધીનો વિસ્તાર

(3) ડેક્કન ઉચ્ચ પ્રદેશો (c) ઉત્તરીય ઓડિશાથી નિલગિરી ટેકરીઓ સુધી ભારતના પૂર્વીય દરિયાકિનારા સુધી

(4 પૂર્વ ઘાટો (d) સાતપુડા પર્વતમાળાની દક્ષિણે સ્થિત છે.

gnanbhandar.com

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c     (B) 1 – c, 2 – b, 3 – d, 4 – a

(C) 1 – a, 2 – b, 3 – d, 4 – c     (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

63. નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) બિલાડી કૂળનું પ્રાણી (a) કચ્છનું રણ

(2) અભયારણ્ય (b) ચંદ્રપ્રભા

(3) રાષ્ટ્રીય ઉદ્યાન (c) દીપડો

(4) જૈવ આરક્ષિત ક્ષેત્ર (d) કાઝીરંગા

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c     (B) 1 – c, 2 – b, 3 – d, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b     (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

64. રાજ્ય અને તેને સંબંધિત તહેવાર વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

રાજ્ય     તહેવાર

(1) રાજસ્થાન (a) પોંગલ

(2) પંજાબ (b) ઓણમ

(3) કેરળ (c) લાહિરી

(4) તામિલનાડુ (d) ગણગોર

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d     (B) 1 – c, 2 – b, 3 – d, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – b, 4 – a     (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

65. નીચે આપેલ કૃષિ પાક અને તાપમાન અને વરસાદ વિશે આપેલા વિધાનો પૈકી કયું વિધાન ખોટું છે ?

1. ઘઉં - $10^0$થી$15^0$ડિગ્રી તાપમાન અને 75સેમી. વરસાદ

2. બાજરી - $25^0$થી $30^0$ડિગ્રી તાપમાન અને 40થી મી.સે 50

3. ડાંગર – $22^0$ થી $32^0$ ડિગ્રીતાપમાન અને મી.સે 300 થી 150

4. મકાઇ - $21^0$થી $27^0$ ડિગ્રી તાપમાન અને સેમી 100થી 50

(A) ફકત -1 અને 2   (B) ફકત -2 અને 4   (C) 1, 2,અને 3   (D) એકપણ નહી

66. નીચેના પૈકી રાજ્યોનો કયો સમૂહ કઠોળના ઉત્પાદન માટે પ્રખ્યાત છે ?

(A) આસામ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ   (B) કેરલ, કર્ણાટક અને આંધ્રપ્રદેશ

(C) મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન   (D) હરિયાણા, ઝારખંડ અને હિમાચલપ્રદેશ

67. 'ગુટેનબર્ગ ડીસકન્ટીન્યુટી' કોની વચ્ચે જોવા મળે છે ?

(A) પોપડા અને મેન્ટલ   (B) મેન્ટલ અને ભૂર્ગભ

(C) ઉપરનું મેન્ટલ અને નીચેનું મેન્ટલ   (D) બાહ્ય ભૂર્ગભ અને આંતરિક ભૂર્ગભ

gnanbhandar.com

68. સૌથી વધુ ઉત્પાદન અને રાજય સંબંધિત વિશેનીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1)સિંધાલૂણ (a) છતીસગઢ

(2)હીરા (b) મધ્યપ્રદેશ

(3) નિકલ (c) હિમાચલપ્રદેશ

(4) કલાઈ (d )ઓડિશા

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – d, 3 – b, 4 – c

(C) 1 – c, 2 – b 3 – d, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

69. ભૂમિજન્ય નિક્ષેપો મુખ્યત્વે કયાં જોવા મળે છે ?

(A) ખંડિય છાજલીઓ અને ઢાળ

(B) ઊંડા સાગરનાથ

(C) સમુદ્રખાઈ

(D) સમુદ્રની પર્વતમાળાઓ અને ટેકરા

70. નીચેનામાંથી કયો સ્ટીલ પ્લાન્ટ બાબા બૂદનની ટેકરીઓમાંની લોહઆયસ્ક મેળવે છે ?

(A) વિશાખાપટ્ટનમ (B) ભદ્રાવતી (C) ભીલાઈ (D) રાઉરકેલા

71. વિશ્વના સુપ્રસિદ્ધ મૃત અથવા શાંત જવાળામુખી વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) ફ્યુજિયામા (a) ઈરાન

(2) માઉન્ટ પોપા (b) જાપાન

(3) કિલિમાન્જારો (c) બ્રહ્મદેશ

(4) કોહ સુલ્તાન (d) આફ્રિકા

(A) 1 – b, 2 – c, 3 – d, 4 – a (B) 1 – c, 2 – d, 3 – b, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

72. નીચેના પૈકી કઈ નદી અરબી સમુદ્રને મળતી નથી ?

(A) તુંગભદ્રા (B) સાબરમતી (C) નર્મદા (D) મંડોવી

73. નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) અજંતાની ગુફાઓ (a) મહારાષ્ટ્ર

(2)મહાબલીપુરમ (b) તામિલનાડુ

(3) ધોળાવીરા (c) ખદિર બેટ

(4) ફતેપુર સિકરી (d) બુલંદ દરવાજો

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – c, 2 – b, 3 – d, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

74. કોઈ ઊંચા પર્વતની બધી બાજુઓ પર સરખી ઊંચાઈએ હિમગર્તાની રચના થાય છે ત્યારે વચ્ચે શીંગડા આકારનું સાંકડું ઊંચું શંકુ શિખર રચાય તેને શું કહે છે ?

gujaratbhandar.com

(A) હિમગર્ત અથવા સર્ક (B) ગિરિશૃંગ અથવા હોર્ન

(C) એરેટ અથવા ગ્રાન્ટ (D) એક પણ નહીં

**75.** સિમલીપાલ જૈવમંડળ આરક્ષિત કયા રાજયમાં આવેલું છે ?

(A) તામિલનાડુ (B)મધ્યપ્રદેશ (C) ઓડિશા (D)હિમાચલપ્રદેશ

**76.** ભરતીના ( મેંગ્રુવ) જંગલો બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. ભારતના દરિયાકિનારે, નદીઓના મુખત્રિકોણ પ્રદેશમાં આ જંગલો આવેલાં છે.
2. ગુજરાતનાં કેટલાક સાગરકાંઠે દલદલીય વિસ્તારોમાં નાના પાયા પર આ જોવા મળે છે.
3. આ જંગલોમાં સુંદરી અને ચેર અહીંની મુખ્ય વનસ્પતિ છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) આપેલ તમામ

**77.** દરિયાઈ ભૂકંપ આવવાથી સર્જાતા સુનામી મોજાને રોકવા કયા જંગલો ઉપયોગી છે ?

(A) બાવળ (B) ચેર (C) નાળિયેરી (D) મોરડી

**78.** ભારતનો સૌથી ઊંચો ઉચ્ચપ્રદેશ કયો છે ?

(A) છોટાનાગપુરનો ઉચ્ચપ્રદેશ (B) દખ્ખણનો ઉચ્ચપ્રદેશ

(C) કારાકોરમનો ઉચ્ચપ્રદેશ (D) લદાખનો ઉચ્ચપ્રદેશ

**79.** નદી અને તેની વિશેષતા વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

ઓળખનદી

(1) આસામનો શોક (a) બ્રહ્માણી નદી

(2) ઓડિશાનો શોક (b) કારીગરી નદી

(3) ઝારખંડનો શોક (c) બ્રહ્મપુત્ર નદી

(4) ભારતનો શોક (d) દામોદર નદી

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – c, 2 – a, 3 – d, 4 – b

(C) 1 – d, 2 – c, 3 – b, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**80.** ભારતના કુદરતી સરોવર અને રાજય સંબંધિત વિશેનીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) સાંભર સરોવર (a) મહારાષ્ટ્ર

(2) ચિલ્કા સરોવર (b) જમ્મુ કાશ્મીર

(3) વુલર સરોવર (c) તામિલનાડુ

(4) લોનાર સરોવર (d) રાજસ્થાન

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – d, 3 – b, 4 – c

(C) 1 – c, 2 – b 3 – d, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**81.** સૂર્યમંડળમાં સૌથી સુંદર ગ્રહ કયો છે ?

(A) શનિ (B)ગુરૂ (C) બુધ (D) મંગળ

**82.** ભારતમાં સ્થિત વિવિધ સરોવરો અંગેનું કયું જોડકું ખોટું છે ?

(A) લોકટક – કેરલ (B) ચિલ્કા – ઓડિશા

(C) નૈનીતાલ – ઉત્તરાખંડ (D) વુલર – જમ્મુ કાશ્મીર

gujaratibhandar.com

**83.** ભારતની નદીઓ અને તેની વિશેષતા વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) કાળી નદી (a) શારદા નદી

(2) બિહારનો શોક (b) કોસી નદી

(3) દક્ષિણ ભારતની ગંગા (c) કાવેરી નદી

(4) પશ્ચિમ બંગાળનો શોક (d) દામોદર નદી

**(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d** **(B) 1 – c, 2 – b, 3 – d, 4 – a**

**(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b** **(D) 1 – d, 2 – c, 3 – b, 4 – a**

**84.** ભારતના સંગ્રહાલયો વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) રાષ્ટ્રીય સંગ્રહાલય (a) હૈદરાબાદ

(2) ભારતીય સંગ્રહાલય (b) નવી દિલ્લી

(3) સાલારગંજ સંગ્રહાલય (c) ભોપાલ

(4) રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય (d) કોલકાતા

**(A) 1 – b, 2 – d, 3 – a, 4 – c** **(B) 1 – c, 2 – b, 3 – d, 4 – a**

**(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b** **(D) 1 – d, 2 – c, 3 – b, 4 – a**

**85.** ભારતીય વન્ય જીવ બોર્ડની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

**(A)** ઇ.સ. 1950માં **(B)** ઇ.સ. 1952માં **(C)** ઇ.સ. 1972માં **(D)** ઇ.સ. 1970માં

**86.** સરકારે અતિ મૂલ્યવાન કલાકૃતિઓ અંગેનો કાયદો કઈ સાલમાં પસાર કરવામાં આવ્યો હતો ?

**(A)** ઇ.સ. 1962માં **(B)** ઇ.સ. 1952માં **(C)** ઇ.સ. 1972માં **(D)** ઇ.સ. 1982માં

**87.**ખનીજો અને તેની સંબંધિત ખાણો વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

ખાણનું નામ ખનીજ

(1) બદામપહડ, બોનાઈ, કિરીબુદ્દ (a) કાચું લોખંડ

(2) સુંદરગઢ , મયૂરગંજ (b) કોલસો

(3) માલઝખંડ,ખેત્રી (c) લોહ અયસ્ક

(4) ઝરિયા (d) તાંબુ

**(A) 1 – c, 2 – a, 3 – d, 4 – b** **(B) 1 – c, 2 – d, 3 – b, 4 – a**

**(C) 1 – c, 2 – b 3 – d, 4 – a** **(D) 1 – d, 2 – c, 3 – b, 4 – a**

**88.** ‘ પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ’ કયા શહેરમાં આવેલું છે ?

**(A)** કોલકાતા **(B)** મુંબઇ **(C)** બેગલુરૂ **(D)** ચેન્નાઈ

**89.** તાજમહાલના શ્વેત સંગેમરમર (આરસ) ઝાંખા અને પીળા પડી રહ્યા હતા તેનું શું કારણ હતું ?

**(A)** ભૂમિ પ્રદૂષણ **(B)** વાયુ પ્રદૂષણ **(C)** ધ્વનિ પ્રદૂષણ **(D)** જળ પ્રદૂષણ

**90.** નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

(1) ભારતની સ્વાસ્થ્યની રાજધાની (a) નાસિક (મહારાષ્ટ્ર)

(2) ભારતની સ્ટીલની રાજધાની (b) કોલકાતા (પશ્ચિમ બંગાળ)

(3) ભારતની સાંસ્કૃતિક રાજધાની (c) ભિલાઈ (છતીસગઢ

gnanbhandar.com

(4) ભારતની શરાબની રાજધાની (d) ચેન્નઈ (તામિલનાડુ)

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – c, 2 – b, 3 – d, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

91. ભારતીય નિધિ વ્યાપાર કાનૂન કયારે અમલમાં આવ્યો છે ?

(A) ઇ.સ. 1876માં (B) ઇ.સ. 1852માં (C) ઇ.સ. 1875માં (D) ઇ.સ. 1882માં

92. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે તે જણાવો.

(A) ઇ.સ. 1952માં ભારતીય વન્ય જીવો માટે બોર્ડની રચના કરવામાં આવી હતી.

(B) મુંબઇ પ્રાકૃતિક ઇતિહાસ સમિતિની સ્થાપના ઇ.સ. 1887માં થઈ હતી.

(C) ઇ.સ. 1972માં વન્ય જીવોને લગતો કાયદો બનાવવામાં આવ્યો હતો.

(D) ઇ.સ. 1958માં 'પ્રાચીન સ્મારકો, પુરાતત્વિય સ્થળો અને અવશેષોને લગતો કાયદો બનાવવામાં આવ્યો હતો.

93.રાજ્ય અને તેને સંબંધિત ભાષા વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

| રાજ્ય | ભાષા |
|---|---|
| (1) જમ્મુ કાશ્મીર | (a) કોંકણી |
| (2) કેરળ | (b) પહાડી |
| (3) હિમાચલપ્રદેશ | (c) મલયાલમ |
| (4) ગોવા | (d) ઉર્દૂ |

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – c, 2 – b, 3 – d, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – b, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

94. આંધ્રપ્રદેશની કૃષ્ણા નદી પર કયો બંધ બાંધવામાં આવ્યો છે ?

(A) નાગાર્જુન સાગર (B) અર્જુન સાગર (C) ગોવિંદ સાગર (D) ગાંધી સાગર

95. ભારતના કિલ્લાઓ અને સ્થળ વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

| | |
|---|---|
| (1) ચિતોડગઢ કિલ્લો | (a) દિલ્લી |
| (2) ગોલકોંડા કિલ્લો | (b) મહારાષ્ટ્ર |
| (3) લાલ કિલ્લો | (c) આંધ્રપ્રદેશ |
| (4) શિવાજી મહારાજનો કિલ્લો | (d) રાજસ્થાન |

(A) 1 – b, 2 – c, 3 – d, 4 – a (B) 1 – c, 2 – d, 3 – b, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – a, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

96. રાજ્ય અને તેને સંબંધિત નૃત્ય વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

| રાજ્ય | નૃત્ય |
|---|---|
| (1) રાજસ્થાન | (a) ભરતનાટયમ |
| (2) મહારાષ્ટ્ર | (b) કથક |
| (3) ઉત્તરપ્રદેશ | (c) લાવણી |
| (4) તામિલનાડુ | (d) કચ્ચીઘોડી |

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – c, 2 – b, 3 – d, 4 – a

(C) 1 – d, 2 – c, 3 – b, 4 – a (D) <u>1 – d, 2 – c, 3 – b, 4 – a</u>

**97.**નીચેના પૈકી કઈ નદીને મહત્તમ કેચમેન્ટ વિસ્તાર છે ?

(A) નર્મદા (B)તાપી (C) મહાનદી (D) <u>ગોદાવરી</u>

**98.** ભારતની નદીઓ અને તેની ઉપનદીઓ વિશે નીચે આપેલ યોગ્ય જોડકા જોડો

| | |
|---|---|
| (1) ક્રિષ્ના | (a) ચંબલ |
| (2) બ્રહ્મપુત્રા | (b) ઇંદ્રાવતી |
| (3) ગોદાવરી | (c) લોહિત |
| (4) યમુના | (d) તુંગભદ્રા |

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – c, 3 – d, 4 – b

(C) <u>1 – d, 2 – c, 3 – b, 4 – a</u> (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

**99.** વન્ય જીવોને લાગતો કાયદો કયારથી અમલમાં આવ્યો છે ?

(A) ઇ.સ. 1962માં (B) ઇ.સ. 1952માં (C) <u>ઇ.સ. 1972માં</u> (D) ઇ.સ. 1982માં

**100.**ભારતના સુપ્રસિદ્ધ કિલ્લા અને સ્થળ સંબંધિત વિશેનીચે આપેલ યોગ્ય જોડકા જોડો

| | |
|---|---|
| (1) ગોલકોડાનો કિલ્લો | (a) મૈસૂર |
| (2) મિહરાનગઢનો કિલ્લો | (b) ઔરંગાબાદ |
| (3) દોલતાબાદનો કિલ્લો | (c) હૈદરાબાદ |
| (4) મહારાજાનો કિલ્લો | (d) જોધપુર |

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) <u>1 – c, 2 – d, 3 – b, 4 – a</u>

(C) 1 – c, 2 – b 3 – d, 4 – a (D) 1 – d, 2 - c, 3 – b, 4 – a

gnanbhandar.com